## આપનું સપ્તાહ કેવું જશે? તા.૨૩/૦૨/૨૦૨૬ થી તા.૦૧/૦૩/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):** ચાલુ વીકમાં લાભસ્થાનમાં આવતાં રાશિ સ્વામી મંગળ અશુભ યોગ કરે છે. માટે તમારા સ્વભાવ અને વિચારોથી વિરુદ્ધ કામ કરવાથી બચવું. ઈચ્છાપૂર્તિ માટે વડીલોની સલાહ લેવી. વિદ્યાર્થીઓને મિશ્ર અનુભવ થાય. પશુપાલન ખેતી અને વેપારી વર્ગને તક મળશે. શેરબજારમાં ધીરજ રાખવી. નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. મિત્રો સાથે કોઈ વ્યવસાયની યોજના બનશે.

**વૃષભ (બ,વ,ઉ):** કર્મસ્થાનમાં કુલ પાંચ ગ્રહોમાં મંગળ મહેનતનું ફળ કેરિયરમાં આપનાર બને છે. જમીન-મકાન કે મિલકત બાબતે લાભ થાય. પારિવારિક જીવનમાં ઉત્સાહ વધશે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી લાભ થાય. ઉપરી વર્ગ અને વડીલો સાથે તાલમેળ રાખવો. અચાનક નવા ફેરફાર જવાબદારી વધારશે. સ્વતંત્ર ધંધામાં લાભ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. આર્થિક વ્યવહારમાં ધીરજ રાખવી.

**મિથુન (ક,છ,ઘ):** ભાગ્યમાં આવેલ મંગળ અનેક પ્રકૃતિના ગ્રહો સાથે ભાગ્યમાં અચાનક પરિવર્તન લાવશે. અટકેલાં કામ પાર પડે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. મિત્રો, ભાઈ વગેરેનો સાથ મળે. સરકારી નોકરિયાતની જવાબદારી વધશે. સાથે નવી તક ઊભી થાય. પોલીસ લશ્કર અને પ્રશાસનિક સેવા આપનારને ભાગ્યનો સાથ મળે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. ધાર્મિક પ્રવાસથી શાંતિ મળે.

**કર્ક (ડ,હ):** આઠમા ભાવમાં આવેલ મંગળ રાહુ વગેરે સાથેની યુતિ આગ, અકસ્માત, ચોર લૂંટારુથી નુકસાન કરાવી શકે છે. સાથે આરોગ્યની સમસ્યા પેદા થાય. જીવનસાથી સાથે વિવાદથી અશાંતિ વધશે. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું. પ્રામાણિક લોકોને ભાગ્યનો સાથ મળશે. અચાનક સફળતા મળે. ઉધાર લેવા-દેવાનું ટાળવું. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. શુભ સમાચાર મળી શકે છે.

**સિંહ (મ,ટ):** સાતમા ભાવમાં રાહુ સહિત અન્ય ગ્રહો સાથે મંગળનો પ્રવેશ વિદ્યાર્થીઓને મહેનત તરફ પ્રેરિત કરશે. ધાર્મિક પ્રસંગ કુટુંબમાં યોજાઈ શકે છે. જીવનસાથીના આરોગ્યની ચિંતા વધશે. વિવાહિતોને અશાંતિ વધારશે. ઉંમરલાયકના વિવાહમાં વિલંબ થાય. કોર્ટ- કચેરી બાબતે કોઈની વાતોમાં આવવું નહીં. ભાગીદારી કરવી નહીં. કુટુંબનાં વડીલો તરફથી ભેટ મળી શકે છે. રોજની આવક વધશે.

**કન્યા (પ,ઠ,ણ):** આપના છઠા ભાવમાં આવેલ રાહુ સાથેનો મંગળ આત્મવિશ્વાસ વધારશે. હિત શત્રુ અને હરીફોથી નુકસાન થઈ શકે તેમજ તબિયત બાબતે ખર્ચા વધશે. સહકર્મીઓ સાથે તાલમેળ રાખવો. નોકરીમાં નવી જવાબદારી આવી શકે છે. સરકારી નોકરીની શક્યતા વધશે. ઉચ્ચ કક્ષાનાં લોકોને મળવાનું થાય. ઉધાર લેવા-દેવાનું ટાળવું. આગ, પાણી અકસ્માતથી બચવું. વિરોધીઓથી નવું શીખવા મળે. ખર્ચા વધશે.

**તુલા (ર,ત):** સૂર્ય-રાહુ સહિત અન્ય ગ્રહો સાથે પાંચમે મંગળનો પ્રવેશ સંતાનો, જીવનસાથી, પ્રેમ પ્રકરણ અને મિત્રો સાથેના વ્યવસાય બાબતે ગેરસમજ પેદા કરશે. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. પરીક્ષામાં સફળતા મળે. શેર બજારમાં લાભ થઈ શકે છે. વડીલો સાથે વિવાદ ટાળવો. મનોરંજન પ્રવાસ ટાળવો. કોઈની વાતોમાં રોકાણ ટાળવું. કેરિયર-શિક્ષણ, મોજશોખના ધંધામાં અચાનક સફળતા મળે.

**વૃશ્ચિક (ન,ય):** આપના ચોથા ભાવમાં અંગારક યોગ કરતો મંગળ માતા વાહન- જમીન અને મકાનને લગતા પ્રશ્નો વધારશે. વારસાના કામમાં અચાનક પ્રગતિ થાય. નોકરીમાં નવી જવાબદારી વધે. જીવનસાથી સાથે તાલમેળ રાખવો. વડીલોની સલાહ માનવી. અચાનક આરોગ્યના ખર્ચા આવી શકે છે. નવાં ઘર કે વાહન ખરીદવામાં ઉતાવળ કરવી નહીં. નોકરી-શિક્ષણ ધંધા માટે અનુકૂળ છે.

**ધન (ભ,ધ,ફ,ઢ):** ત્રીજા ભાવમાં મંગળ સહિતના ગ્રહોની શક્તિ આત્મવિશ્વાસ વધારશે. અચાનક સફળતા મળે. મિત્રો-ભાઈ-બહેન વગેરેને મદદરૂપ બનશો. જીવનસાથી સંતાનોનાં કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ટેક્નોલોજી અને નવું સંશોધન કરનારને સફળતા મળે. વાણી પર કાબૂ રાખવો. ગુસ્સો વધુ આવશે. ઉચ્ચ કક્ષાનાં લોકોની મદદથી સફળતા મળશે.

**મકર (ખ,જ):** બીજે આવેલ મંગળ-રાહુ-સૂર્ય વગેરે આર્થિક બાબતે ઉતાવળિયા નિર્ણયોથી નુકસાન કરાવશે. વાણી અને વ્યવહાર બાબતે સમાન રહેવું. ઉધાર આપવા-લેવાનું ટાળવું. વારસાગત ધંધામાં સફળતા મળે. મેડિકલ અને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુના વેપારમાં અણધારી તક મળશે. ઘરમાં વાતાવરણ તંગ રહે. પરિવાર સાથે મળીને સંતાનોના ભવિષ્યની યોજના પાર પડશે.

**કુંભ (ગ,સ,શ,ષ):** આપની રાશિમાં કુલ પાંચ ગ્રહોમાં મંગળના કારણે આત્મવિશ્વાસ વધશે. આગ, અકસ્માત વગેરેથી સાવધાન. નોકરીમાં લાલચથી બચવું. સમાજમાં તાલમેળ રાખવો. ઉંમરલાયકના વિવાહની વાત અચાનક પાર પડશે. દાંપત્યજીવનમાં અશાંતિ વધશે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. ટેક્નોલોજી ક્ષેત્રે સફળતા મળે. વિદ્યાર્થીઓનું ભાગ્ય ચમકશે. પ્રેમમાં પ્રગતિ.

**મીન (દ,ચ,ઝ,થ):** આપના બારમા આવેલ મંગળ કોર્ટ- કચેરી પોલીસ લફરા તેમજ સામાજિક પ્રશ્નોને લઈને અશાંતિ વધારશે. વિદેશના કામમાં અચાનક પ્રગતિ થાય. જીવનસાથી સાથે તાલમેળ રાખવો. પ્રવાસમાં છેતરાઈ જવાનું બનશે. ધાર્મિક બાબતે પોતાના ચોક્કસ વિચારો વ્યક્ત થાય. મિત્રો સાથે વિવાદ ટાળવો. પ્રેમમાં નિરાશા મળે. સમાજમાં બદનામીથી બચવું. શુભ કામમાં ખર્ચા વધશે.

# દ્વારકા નજીક દરિયામાંથી ૫ કરોડની સિગારેટ ઝડપાઇ

### સેટેલાઇટ ફોન સાથે ચાર ઇરાની દાણચોરોની ધરપકડ



ગાંધીનગર : દ્વારકા નજીક અરબી સમુદ્રમાંથી ઇન્ડિયન કોસ્ટ ગાર્ડે શંકાસ્પદ વિદેશી નૌકાને પકડી પાડી હતી. 'અલ મુકતાર' નામના જહાજમાંથી અંદાજે રૂ.2.5 થી રૂ.5 કરોડના ગેરકાયદે માલ સાથે પ્રતિબંધિત સેટેલાઇટ કોમ્યુનિકેશન સાધનો મળી આવ્યા હતા. જહાજને આગળની તપાસ માટે પોરબંદર લાવવામાં આવી રહી છે.કોસ્ટ ગાર્ડને જોતા જ બોટ ઇન્ટરનેશનલ મેરિટાઇમ બાઉન્ડ્રી લાઇન (IMBL) તરફ ભાગવા દોડી હતી પરંતુ ટેક્ટિકલ મેનૂવર દ્વારા તેને ઝડપથી કાબૂમાં લેવામાં આવી. તપાસમાં બહાર આવ્યું કે બોટ Automatic Identification System (AIS) પર અલગ ઓળખ પ્રસારિત કરી રહી હતી.

સર્ચ દરમિયાન અંદાજે 200 કાર્ટુનમાં છુપાવવામાં આવેલા દાણચોરીના 1 લાખ સિગારેટ પેકેટ્સ મળી આવ્યા છે.

સાથે એક Thuraya સેટેલાઇટ કોમ્યુનિકેશન ડિવાઇસ– જે ભારતમા અનુમતિ વગર પ્રતિબંધિત છે - અને 8 મોબાઇલ ફોન (4 ઇન્ટરનેટ સક્ષમ) જપ્ત થયા છે. સેટેલાઇટ ફોનનો ઉપયોગ પરંપરાગત મોનિટરિંગ સિસ્ટમને બાયપાસ કરવા થતો હોવાથી તે દરિયાઇ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે જોડાય છે.

જહાજમાં સવાર ચારેય ક્રૂ સભ્યો ઈરાની નાગરિકો હોવાનું સામે આવ્યું. બોટ કોલંબો (શ્રીલંકા)માં રજિસ્ટર્ડ હોવાનું જણાવાયું, પરંતુ ભારતીય જળસીમામાં હાજરી માટે તેઓ કોઈ માન્ય દસ્તાવેજ રજૂ કરી શક્યા નહોતા.

## સમસ્યા અને સમાધાન

હું વ્યવસાયે ફિઝિયોથેરાપીસ્ટ છું. મારું પોતાનું ક્લિનિક ઘણું જ સારું ચાલે છે. 2004માં પ્રથમ લગ્ન થયાં. 2007માં એક અકસ્માતમાં મારા પતિનું મૃત્યુ થયું અને 2010માં બીજાં લગ્ન થયાં. 2016માં તેમનું પણ અકસ્માતમાં મૃત્યુ થયું. બીજા લગ્ન દરમિયાન એક પુત્રનો જન્મ 2012માં થયો. હાલ હું મારા પુત્ર સાથે ત્રીજી વાર લગ્ન કરવાનું વિચારી રહી છું. તો શું મારે લગ્ન કરવા જોઈએ? અંદરથી ખૂબ જ ડર લાગે છે. હું સમાજસેવાનાં કાર્યો સાથે જોડાયેલી હોવાથી એક વિધુર સમાજસેવક તરફથી આ ઓફર આવી છે. સાથે મને રાજકારણમાં રસ હોવાથી લોકલ લેવલની ચૂંટણીમાં મને ટીકીટની ઓફર છે તો શું મારે રાજકારણમાં જવું જોઈએ? મને લગ્ન કરવાની ઈચ્છા થાય છે અને પાત્ર પણ ગમે છે. સાથે રાજકારણમાં જવાની પણ ઈચ્છા થાય છે. જેની સાથે લગ્નની વાત આવી છે તે રાજકારણમાં સક્રિય છે. મારી પ્રેક્ટીસ પણ સારી ચાલે છે. મને સમજાતું નથી કે મારે શું કરવું? મારો પુત્ર અને પરિવાર લગ્ન કરવાની ના પાડે છે તેમજ રાજકારણમાં જવાની પણ ના પાડે છે. જ.તા. 17-11-1979 અન્ય વિગત લખતાં નહીં. તમારા અભિપ્રાય પર મારો નિર્ણય રહેશે માટે અભ્યાસ કરીને જવાબ આપવા વિનંતી.

**જવાબ:** તમારા કુંભ લગ્નમાં રાહુના નક્ષત્રનો કેતુ સાતમે રાહુ-મંગળ- ગુરુ અને આઠમે શનિ, ભાગ્યમાં ચંદ્ર તથા દસમે સૂર્ય-બુધ અને શુક્ર તમારી ચલિત કુંડલી વધુ દૂષિત થાય છે. સાતમે મંગળ, ગુરુ, રાહુ અને શનિ તથા આઠમે ચંદ્ર અને ભાગ્યમાં સૂર્ય, બુધ વગેરે, વૈધવ્ય અને બદનામીના યોગ કરે છે.

**વિધવા યોગ:** મહિલાની કુંડલીમાં સાતમે (પતિ), આઠમે (આયુષ્ય) અને બીજો ભાવ (મારકેશ)જો અશુભ અને નિર્બળ બને તો અને પાપ ગ્રહો આ સ્થાનમાં બળવાન બને તો વિધવાયોગ બનતો હોય છે. સાતમે મંગળ મઘ નક્ષત્રનો ગંડાતયુક્ત, આઠમે શનિ છિદ્ર અવસ્થાનો નિર્બળ અને સાતમાનો માલિક સૂર્ય શૂન્ય ડીગ્રીનો પૂર્ણ રીતે છિદ્ર અવસ્થાનો અને ચલિતમાં ભાગ્યમાં નીચનો જે સાતમાનો માલિક થઈને ભાગ્યમાં અશુભ બને છે. સાતમે પાપગ્રહ રાહુ મઘા નક્ષત્રમાં ગંડાતયુક્ત છે અને બીજાનો માલિક ગુરુ સાતમે મારકેશ થઈને મારકસ્થાનમાં પાપગ્રહોથી પીડિત છે. મહિલાની કુંડલીમાં સિંહ રાશિનો ગુરુ શુભ માનવામાં આવતો નથી. સૂર્ય-મંગળનો પરિવર્તન યોગ સાથે કામ કરનાર કે એક જેવાં કામ કરતાં લોકો સાથેના પરિચયથી વારંવાર વિવાદ કે લફરાના યોગ થાય છે. કારણકે સાતમે જયેષ્ઠા નક્ષત્રનો ગંડાતયુક્ત શુક્ર, સૂર્ય સાથે અને મંગળની દૃષ્ટિમાં બદનામીના યોગ કરે છે માટે જાહેર જીવન કે રાજકારણમાં જવાનું માંડી વાળવા જેવું છે. તમારા ગ્રહયોગો તમને ત્યાં ખેંચી જાય છે પણ તેનું પરિણામ અસહ્ય અને પીડા આપનાર યોગો છે. 2004માં પ્રથમ લગ્ન મારકેશ ગુરુની મહાદશામાં અને છિદ્ર અવસ્થાના નિર્બળ શનિની અંતરદશામાં થયા તો તમારા માટે એક કર્મફળ હતું. 2007માં પ્રથમ પતિનો અકસ્માત કેતુની અંતરદશામાં જે લગ્નજીવનને ખંડિત કરનાર બને છે. ખાસ કરીને સ્ત્રી જાતિની કુંડલીમાં સાતમા સ્થાન સાથે કેતુનો સંબંધ અશુભ માનવામાં આવે છે. 2010માં ગંડાતયુક્ત શુક્ર જે મંગળ-શનિની દૃષ્ટિ અને સૂર્ય સાથે હોવાના કારણે એક જ વ્યવસાય સાથે સંકળાયેલા સાથે બીજાં લગ્ન થયા. શુક્રની મારકેશ ગુરુમાં અંતરદશા હતી. 2012માં છઠ્ઠાનો માલિક ચંદ્ર જે ભાગ્યમાં છિદ્ર અવસ્થાનો છે. તેમાં કર્મમાનું બંધન પુત્રનો જન્મ થયો. 2016માં સાતમે રહેલ મારકેશ ગુરુની મહાદશામાં મઘા નક્ષત્રના ગંડાતયુક્ત રાહુ જે સાતમે મંગળ સાથે ભયાનક અશુભ યોગ કરે છે. તે સમયમાં બીજા પતિનું અકસ્માતમાં મૃત્યુ થયું. તમારી કુંડલીમાં રાહુ-મંગળથી અને સૂર્ય મંગળથી એ બે રીતે અંગારક યોગ સાતમાં જે પતિનું સ્થાન છે ત્યાં થાય છે. ગુરુ પતિનો કારક છે. સાતમે ચાંડાલ યોગથી પૂર્ણ બળવાન મારકેશ બને છે. હાલમાં લગ્નેશ પણ છિદ્ર અવસ્થામાં અશુભ યોગ કરતાં મારક સ્થાન અને પતિસ્થાન સાથે સંબંધ ધરાવતા શનિની મહાદશા 2035 સુધીમાં જાન્યુ. 2026થી ડિસે. 2026 સુધીની પતિના કારક અને નિર્બળ તથા લગ્નજીવનને ખંડિત કરનાર સૂર્યની અંતરદશા ચાલે છે. ગોચરમાં જમીનના કેતુ પરથી રાહુ મંગળ-સૂર્ય-બુધ અને શુક્રનું અશુભ ભ્રમણ ચાલે છે. સાથે સિંહનો કેતુ હાલ સાતમે અશુભ બને છે. જ્યોતિષના આ સામાન્ય નિયમો જોતાં તમારે ત્રીજા લગ્ન કરવાનું માંડી વાળવું જોઈએ. તમારા ભાગ્યમાં પૂર્ણ લગ્ન સુખનો અભાવ છે. કારણ સાતમે સિંહનો ગુરુ સાથે મંગળ-રાહુ અને સપ્તમેશ સૂર્ય વિવાહિત જીવનને કષ્ટકારી અને પતિ માટે સંકટ પેદા કરનાર બને છે. સાતમો ભાવ અને સપ્તમેશ નિર્બળ અને પીડિત હોય ત્યારે પતિ પર સંક્ટ આવે છે.

મંગળ શનિ-રાહુનો સંબંધ સાતમા અને સપ્તમેશ સાથે હોય ત્યારે પણ જીવનસાથી પર સંકટ આવે છે. પતિના આયુષ્યનું સ્થાન આઠમું જે સ્ત્રી માટે સૌભાગ્યનું છે. સાથે ત્રીજું સ્થાન પણ જીવનસાથીના આયુષ્યને અસર કરે છે. આ બંને સ્થાન પાપી ગ્રહોથી પીડિત છે. ઉપરાંત તમારો જન્મ અમાવસની આસપાસનો છે. જો આઠમું અને ત્રીજું સ્થાન પીડિત હોય અને અમાવસની આસપાસનો જન્મ હોય તો જીવનસાથી પર ભાર રહે છે માટે તમારે ત્રીજા લગ્ન કરવાનું માંડી વાળવું જોઈએ અને જો કરશો તો કદાચ સજા સમાન સાબિત થશે.

રાજકારણમાં સૂર્ય-મંગળના પરિવર્તન સાત-દસના કારણે ખેંચાણ થયું છે અને એ પ્રકારના લોકોનો સંપર્ક થયો છે પણ ત્યાં સફળતા કરતાં બદનામી વધુ છે. કર્મસ્થાનમાં શુક્ર-બુધ-સૂર્ય શનિ-મંગળની દૃષ્ટિમાં જાહેર જીવનમાં સફળ નહીં થવા દે, પણ બદનામ જરૂર કરશે. તમો જે મેડીકલની લાઇનને લગતી લાઇનમાં વ્યવસાય કે પોતાનો ધંધો કરો છો તે બિલકુલ બરાબર છે માટે ત્યાં રહીને જરૂરિયાતોની સેવા કરો. કાંટાળો તાજ પહેરવાની જરૂર નથી. જો પાછળનું જીવન પુત્ર સાથે સુખમય અને શાંતિથી જીવવા માંગતા હો, તો ત્રીજા લગ્ન અને રાજકારણમાં જવાની ભૂલ કરતાં નહીં. જે ભાગ્યમાં ન હોય તેની પાછળ પડવું નહીં. કારણ કે તે મળી જાય તો દુર્ભાગ્યનું કારણ બની જાય છે.

## ચેક રીટર્નના કેસમાં શીપવાલા દંપતિને એક વર્ષની સજા

સુરતઃ ચેક રીટર્નના કેસમાં પતિ-પત્નિને કોર્ટએ એક વર્ષની સજા ફટકારી હતી. કેસની વિગત મુજબ મુગલીસરામાં રહેતાં ફરીયાદી મોહંમદઅલી કરીમઅલી સૈયદ પાસેથી આરોપી પતિ-પત્નિ મોહમદ ઉવૈશા મોહંમદ ઝુબેર શીપવાલા તથા સફીયા બેગમ મોહમદ ઉવૈશા શીપવાલાએ મકાન ખરીદવા માટે મિત્રતાના સંબંધમા રોકડા રૂા. ૧૬,૦૦,૦૦૦ ઉધાર લીધા હતા. જે પરત આપવા માટે આપેલા આઠ આઠ લાખના બે ચેક રિટર્ન થતા કોર્ટમાં ફરિયાદ થતાં કોર્ટે આરોપી દંપતિને એક વર્ષની સજા અને ૨૬ લાખ ચુકવવા હુકમ કર્યો હતો.

# નીતિન નવીનની મુલાકાત ટાણે જ અમદાવાદ ભાજપમાં બબાલ

### અમદાવાદ શહેર લઘુમતી મોરચાની નિમણૂક વિવાદમાં

અમદાવાદઃ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની ગુજરાત મુલાકાત દરમિયાન જ અમદાવાદ શહેર ભાજપમાં આંતરિક અસંતોષ ખુલ્લેઆમ સામે આવ્યો છે. શહેર લઘુમતી મોરચાના પ્રમુખ પદ પર થયેલી નિમણૂકને લઈ પૂર્વ મહામંત્રી અહેમદ પટેલે ગંભીર આક્ષેપો કર્યા છે અને સીધી રાષ્ટ્રીય અધ્યક્ષ સુધી લેખિત ફરિયાદ કરી દીધી છે.

અહેમદ પટેલે આક્ષેપ કર્યો છે કે કર્ણાવતી મહાનગર લઘુમતી મોરચાના પ્રમુખ તરીકે નિમણૂક કરાયેલા રઉફ શેખને ગુજરાતી ભાષા વાંચતા-લખતા આવડતી નથી અને સંગઠનની પેજ સમિતિ, બુથ સમિતિ જેવી મૂળભૂત રચનાની સમજ પણ નથી. વર્ષોથી ભાજપની વિચારધારાથી જોડાયેલા કાર્યકર્તાઓની અવગણના કરી આવી નિમણૂક કરાઈ હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે રાષ્ટ્રીય અધ્યક્ષને ઈ-મેઈલ દ્વારા નિમણૂક રદ કરવાની માંગ કરી છે અને શહેર અધ્યક્ષ પ્રેરક શાહને લેખિત તેમજ ટેલિફોનિક રજૂઆત પણ કરી હોવાનું પણ જણાવ્યું હતું.

# સુરત અને રાજકોટમાં 37 ડિગ્રી તાપમાન નોંધાયું

### ઉનાળાની શરુઆત થતાં 10 શહેરોમાં 35 ડિગ્રીથી વધુ ગરમી

ગાંધીનગર : ગુજરાતમાં હવે ધીરે ધીરે ગરમીનો પારો ઊંચે જઈ રહ્યો છે. ખાસ કરીને રાજકોટ અને સુરત ગમરીનો પારો 37 ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. હવામાન વિભાગના અહેવાલ મુજબ દિવસ દરમિયાન ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારો તાપમાન નોંધપાત્ર વધારો નોંધાયો હતો, જ્યારે અન્ય વિસ્તારો ખાસ ફેરફાર જોવા મળ્યો નથી.

દિવસનું તાપમાન અનેક સ્થળોએ સામાન્ય કરતાં નોંધપાત્ર રીતે વધી રહ્યું છે. રાજ્ય સૌથી વધુ મહત્તમ તાપમાન 37 ડિ.સે. રાજકોટ અને સુરત નોંધાયું હતું. બીજી તરફ રાત્રિના તાપમાન સૌરાષ્ટ્રના કેટલાક ભાગો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને નલિયા લઘુત્તમ તાપમાન 13 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જ્યારે હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ એકલા નલિયા ઠંડીનો પારો 13 ડિગ્રી સુધી પહોંચી ગયો હતો.

રાજ્યના અન્ય શહેરો ગરમીનો પ્રભાવ વધુ જોવા મળ્યો છે. ભૂજ, નલિયા, કંડલા બંદર, કંડલા વિમાનમથક, અમરેલી, પોરબંદર, સુરેન્દ્રનગર, મહુવા, ડીસા અને વડોદરા 35 ડિગ્રી આસપાસ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ 34 ડિગ્રી, ગાંધીનગર અને દમણ 33 ડિગ્રી, વલ્લભ વિદ્યાનગર 32 ડિગ્રી નોંધાયું. ભાવનગર અને ગાંધીનગર તાપમાન 33 ડિગ્રી આસપાસ રહ્યું હતું.

**રાજ્યના જુદા જુદા શહેરોનું તાપમાન (ડિ.સે.)**

| | |
|---|---|
| ભૂજ 35 | નલિયા 35 |
| કંડલા પોર્ટ 35 | કંડલા એરપોર્ટ |
| પર 35 | અમરેલી 35 |
| ભાવનગર 33 | પોરબંદર 35 |
| રાજકોટ 37 | સુરેન્દ્રનગર 35 |
| મહુવા 35 | અમદાવાદ 34 |
| ડીસા 35 | ગાંધીનગર 33 |
| વિદ્યાનગર | વડોદરા 35 |
| સુરત 37 | દમણ 33 |

હવામાન વિભાગે આગામી દિવસો પણ શુષ્ક હવામાન યથાવત્ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. દિવસ દરમિયાન ગરમી વધારો અને રાત્રે કેટલાક વિસ્તારો ઠંડીનો અહેસાસ - આવી બેવડી ઋતુની પરિસ્થિતિ રાજ્ય સ્પષ્ટ જોવા મળી રહી છે.

# ગુજરાતમાં ટૂંક સમયમાં એન્ટિવેનમ ઉપલબ્ધ થશે

### સર્પદંશથી થતાં મૃત્યુમાં ઘટાડો લાવવા રાજ્ય સરકારની મહત્વાકાંક્ષી પહેલ

### ધરમપુર ખાતે Snake Research Institute દ્વારા એન્ટિવેનમ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ થઇ

ગાંધીનગરઃ ગુજરાતમાં સર્પદંશથી થતાં માનવ મૃત્યુને ઘટાડવા માટે રાજ્ય સરકાર ટૂંક સમયમાં મહત્ત્વપૂર્ણ પગલું ભરવા જઈ રહી છે. દક્ષિણ ગુજરાતના ધરમપુર ખાતે સ્થાપિત Snake Research Institute દ્વારા ગુજરાતમાં જોવા મળતા ઝેરી સાપોના ઝેર પરથી રાજ્ય માટે જ એન્ટિવેનમ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. તાજેતરમાં SRI સંસ્થાએ ગુજરાતમાં જોવા મળતી ચાર મુખ્ય ઝેરી સાપની પ્રજાતિઓ– ઈન્ડિયન કોબ્રા, કોમન ક્રેટ, રસેલ્સ વાયપર અને સૉ-સ્કેલ્ડ વાયપર–ના લાયોફિલાઈઝ્ડ (પાવડર સ્વરૂપમાં પરિવર્તિત) ઝેરની ઇ-હરાજી યોજી હતી. સંસ્થાના અધિકારીઓના જણાવ્યા મુજબ ઈન્ડિયન કોબ્રાના

ઝેર માટે પ્રતિ ગ્રામ 40,000ની આધાર કિંમત નક્કી કરવામાં આવી હતી, પરંતુ હરાજીમાં તેને 44,000 પ્રતિ ગ્રામ સુધી કિંમત મળી હતી. તેવી જ રીતે સૉ-સ્કેલ્ડ વાયપરના ઝેર માટે પ્રતિ ગ્રામ 50,000ની આધાર કિંમત સામે 56,500 સુધી બોલી લાગી હતી. અન્ય પ્રજાતિઓ માટે પણ સારો પ્રતિસાદ મળ્યો.

Gujarat Forestry Research Foundation હેઠળ કાર્યરત આ સંસ્થા માટે 2.25 હેક્ટર જમીન ફાળવવામાં આવી છે.

તેને વિશ્વ કક્ષાની સંસ્થા બનાવવા 11.68 કરોડનો પ્રસ્તાવ રજૂ થયો છે. હાલ દેશમાં ઝેર એકત્રિત કરવાની પ્રવૃત્તિ મુખ્યત્વે Irula Snake Catchers Industrial Cooperative Society દ્વારા કરવામાં આવે છે. ધરમપુર સ્થિત સંસ્થા હવે આ ક્ષેત્રે દેશની બીજી મહત્ત્વપૂર્ણ સંસ્થા બની છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### ટ્રમ્પના માર-એ-લાગો...

તપાસે, જે તપાસકર્તાઓને મદદ કરી શકે. શંકાસ્પદ વ્યક્તિ ૨૦ વર્ષની આસપાસનો હતો અને નોર્થ કેરોલિનાનો રહેવાસી હતો, જેને તેના પરિવારે થોડા દિવસો પહેલા ગુમ થયા હોવાનું નોંધાવ્યું હતું. સિક્રેટ સર્વિસના પ્રવક્તા એન્થોની ગુગ્લીએલ્મીએ જણાવ્યું હતું કે, તપાસકર્તાઓ માને છે કે તે નોર્થ કેરોલિનાથી દક્ષિણ તરફ નીકળ્યો હતો અને રસ્તામાં શૉટગન મેળવી હતી. તેમણે ઉમેર્યું કે બંદૂકનું ખોખું તેની કારમાંથી મળી આવ્યું છે. ગુગ્લીએલ્મીએ જણાવ્યું કે જ્યારે અન્ય એક વાહન બહાર નીકળી રહ્યું હતું ત્યારે આ વ્યક્તિ માર-એ-લાગોના ઉત્તર ગેટ પરથી અંદર ઘૂસી ગયો હતો. તપાસકર્તાઓ તેની માનસિક સ્થિતિ અને હેતુ જાણવા માટે તપાસ કરી રહ્યા છે.

### કિશ્તવારમાં સુરક્ષા...

અને સૈનિકોની દ્રઢતાની પ્રશંસા કરે છે. નોર્ધન કમાન્ડ જમ્મુ-કાશ્મીરને આતંકવાદ મુક્ત રાખવા માટે પ્રતિબદ્ધ છે. છાત્રુ પટ્ટાના પાસરકુટ વિસ્તારમાં 'ત્રાશી-I' ઓપરેશન દરમિયાન આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા અને તેમની પાસેથી બે AK-47 રાઈફલ્સ તથા અન્ય દારૂગોળો મળી આવ્યો હતો. વ્હાઈટ નાઈટ કોર્પ્સે 'X' પર જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીર પોલીસ, આઈબી (ઈન્ટેલિજન્સ બ્યુરો) અને પોતાના ગુપ્તચર સ્ત્રોતો પાસેથી મળેલી સચોટ માહિતીના આધારે, કિશ્તવાડ વિસ્તારમાં સક્રિય આતંકવાદીઓને શોધી કાઢવા અને તેમને ઠાર કરવા માટે 'ઓપરેશન ત્રાશી-I' હેઠળ એક સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. ત્રાસવાદીઓ ટેકરી પર એક ગારમાટીના બનાવેલા કૂબામાં સંતાયા હતા અને સર્ચ ટુકડી નજીક આવતા તેમણે ગોળીબાર શરૂ કર્યો હતો જેના પગલે અથડામણ સર્જાઇ હતી અને તેમણે જણાવ્યું હતું.

### ભારત-અમેરિકા વેપાર...

બાદ આ ઘટનાક્રમ મહત્વપૂર્ણ છે. કોર્ટના ચુકાદા પછી, ટ્રમ્પે શુક્રવારે ભારત સહિત તમામ દેશો પર ૨૪ ફેબ્રુઆરીથી ૧૫૦ દિવસ માટે ૧૦ ટકા ટેરિફ લાદી દીધો હતો. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે તમામ દેશો પરના ટેરિફને એક દિવસ પહેલા જાહેર કરાયેલા ૧૦ ટકાથી વધારીને ૧૫ ટકા કરવાની જાહેરાત કરી હતી.

### અમેરિકા સાથેનો વેપાર...

જણાવે છે કે જો કોઈ પણ પક્ષ તરફથી કોઈ ફેરફાર થાય, તો અમેરિકા અને ભારત તેમની પ્રતિબદ્ધતાઓમાં ફેરફાર કરી શકે છે તે બાબતે સહમત છે. તેમણે દલીલ કરી કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ટેરિફમાં ફેરફાર કર્યો છે, તેથી ભારતને પણ તેની પ્રતિબદ્ધતાઓ બદલવાનો પૂરો અધિકાર છે. રમેશે જણાવ્યું કે, આપણે જે પ્રથમ પ્રતિબદ્ધતા કરી છે તે ખાદ્ય અને કૃષિ ઉત્પાદનોની વિશાળ શ્રેણી પરના ટેરિફ ઘટાડવા અથવા નાબૂદ કરવાની છે. વડાપ્રધાન પાસે અમારી માંગ છે કે આને હાલ પૂરતું અટકાવી દેવામાં આવે. તેમણે ઉમેર્યું, હું આશા રાખું છું કે આ મુદ્દે પ્રવર્તતી ભારે મૂંઝવણને જોતા, આ સંયુક્ત નિવેદનને બાજુ પર રાખવામાં આવે અને આપણે શરતો પર ફરીથી વાટાઘાટો કરીએ. આ એકપક્ષીય સોદો છે જે દેશના વિવિધ રાજ્યોના લાખો ખેડૂતોના હિત માટે હાનિકારક સાબિત થશે.

### શરદ પવારને...

છે. તેઓ બે દિવસ હોસ્પિટલમાં રહેશે અને ત્યાર બાદ તેમને રજા આપવામાં આવે તેવી શક્યતા છે.'' ડો. ગ્રાન્ટ અને હોસ્પિટલના કન્સલ્ટન્ટ ફિઝિશિયન ડો. અભિજીત લોઢા તેમની સારવારની દેખરેખ રાખી રહ્યા છે. આ અગાઉ, પૂર્વ કેન્દ્રીય મંત્રીને છાતીમાં ઇન્ફેક્શનને કારણે ૯ ફેબ્રુઆરીએ આ જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ૧૪ ફેબ્રુઆરીએ તેમને રજા આપવામાં આવી હતી.

### ઓડિશામાં...

જણાવ્યું હતું. ઝારસુગુડાના એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ મધુસિક્તા મિશ્રાએ જણાવ્યું હતું કે, ''અકસ્માતમાં ઝારસુગુડા જિલ્લાના પાંચ પોલીસકર્મીઓનાં મોત થયાં છે, જ્યારે બે ગંભીર રીતે ઘાયલ થયા છે અને બરગઢની એક ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. અન્ય એક ઘાયલ પોલીસકર્મીની હાલત સ્થિર છે.'' મિશ્રાએ જણાવ્યું હતું કે, અકસ્માતમાં ટ્રકચાલક પણ ઘાયલ થયો છે અને તેની સારવાર ચાલી રહી છે. કેસ નોંધી લેવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલુ છે.'' મિશ્રાએ ઉમેર્યું હતું કે, ટક્કર પછી ટ્રક પલટી મારી ગઈ હતી અને અકસ્માતમાં પોલીસનું વાહન સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થયું હતું. મૃતક પોલીસકર્મીઓની ઓળખ આર્મ્ડ પોલીસ રિઝર્વના કાશીરામ ભોઈ, દેબદત્ત શા અને લિંગરાજ ધરુઆ, ડ્રિલ સબ-ઇન્સ્પેક્ટર નિરંજન કુજુર અને હોમગાર્ડ ભક્તબંધુ મિર્ધા તરીકે થઈ છે. આ ઉપરાંત, એપીઆર જવાન ડુબરાજ મિરિગા અને આકાશ નાયક તેમજ સાર્જન્ટ રાજીબ ભરસાકર અકસ્માતમાં ઘાયલ થયા છે. મુખ્યમંત્રી મોહન ચરણ માઝી અને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પોલીસકર્મીઓના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી.

# વરાછામાં વિદ્યાર્થીઓને નિશાન બનાવી ખંડણી વસૂલતી ટોળકી ઝડપાઈ

### બે વિદ્યાર્થીને જાનથી મારી નાખવાની ધમકી આપી દોઢ વર્ષમાં બળજબરીથી રૂ.1.50 લાખ પડાવ્યા

### ખંડણી વસૂલવા અન્ય છોકરાઓના નામ આપવા દબાણ કરતાં હતા

સુરતઃ વરાછામાં રહેતા અને ધોરણ 9 માં અભ્યાસ કરતાં બે વિદ્યાર્થીને ત્રણ ટપોરીએ હથિયારો બતાવી, ડરાવી-ધમકાવી છેલ્લા દોઢ વર્ષમાં અંદાજે રૂ. 1.50 લાખની રકમ પડાવવાનો કિસ્સો સામે આવ્યો છે. પરિવારની ફરિયાદના આધારે વરાછા પોલીસે કાર્યવાહી કરી ત્રણે ટપોરીને પકડી વિદ્યાર્થીઓની સોસાયટી પાસે લઈ જઈ સરઘસ કાઢ્યું હતું.

વરાછાની શ્રીનાથદ્વાર સોસાયટીમાં રહેતા સંજયભાઈ ભીમજીભાઈ ગોંડલીયાના 14 વર્ષીય પુત્ર વ્રજ અને તેમના 15 વર્ષીય ભાણેજ ધ્રુવને ગત વર્ષ 2024 માં નવરાત્રિ દરમિયાન સોસાયટી પાસે રહેતા રોશન ધોળકીયા સાથે પરિચય થયો હતો. શરૂઆતમાં રોશને બાઈકમાં પેટ્રોલ પુરાવવાના બહાને રૂ. 50 ઉછીના માંગ્યા હતા, જે બાદમાં સબંધો વધતા ગયા હતા. ધીરે ધીરે રોશને તેના મિત્રો ભાવિક લાડુમોર અને મિત સાથે મિત્રતા કરાવી હતી. જે બાદ ત્રણે ટપોરી બંને સગીરોને ચપ્પુ અને પંચ જેવા હથિયારો બતાવી 'જો જીવવું હોય તો અમે માંગીએ તેટલા પૈસા આપવા પડશે' તેવી ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું.

**પાનનાં ગલ્લા પર રૂ.4000 ટ્રાન્સફર કર્યા ને હકીકત સામે આવી**

ટપોરીઓ એટલા હદ બહાર ગયા હતા કે તેઓએ સગીરોને અન્ય છોકરાઓના નામ આપવા પણ દબાણ કર્યું હતું, જેથી તેઓની પાસેથી પણ ખંડણી વસૂલી શકાય અને જો પોલીસને જાણ કરશે તો જેલમાંથી છૂટીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવતી હતી. જ્યારે ગત તા. 17 ફેબ્રુઆરીના રોજ વ્રજે તેના કુઆ હર્ષદભાઈનો મોબાઈલ લઈને સીતાનગર પાસે શ્રીજી પાન પેલેસ પર ગુગલ પે દ્વારા રૂ. 4040 ટ્રાન્સફર કર્યા હતા. આ ટ્રાન્ઝેક્શનનો મેસેજ આવતા પરિવાર શંકા જતા પૂછપરછ કરી હતી, જેમાં બંને કિશોર રડી પડ્યા હતા અને આખી આપવીતી જણાવી હતી.

**પોલીસે વિદ્યાર્થીઓની સોસાયટી પાસે લઈ જઈ આરોપીનું સરઘસ કાઢ્યું**

પોલીસે ત્રણે ટપોરીને કિશોરની રહેણાંક સોસાયટી વિસ્તારમાં લઈ જઈ ઘટનાનું રીકન્ટ્રક્શન કર્યું હતું. જ્યાં પોલીસે બાળકોને આવા કોઈ લુખ્ખાઓથી ગભરાવવાની જરૂર નથી પોલીસ તમારી સાથે છે તેવી સમજણ આપી હિંમત વધારી હતી. આ ટોળકીનો ભોગ બનનારા અન્ય બાળકોના પરિવારને સ્થાનિક પોલીસનો સંપર્ક કરવા અપીલ કરી છે.

**આ ટોળકી અભ્યાસ કરતાં કિશોરોને ટાર્ગેટ કરતા હતા**

(૧) રોશન હરેશભાઈ ધોળકીયા (ઉ.વ.૨૦, રહે., શિવાય હોમ આઇ.ટી. પાર્ક પાસે, મોટા વરાછા, સુરત, મુળ રહે., અઘેળાઇ, જિ.ભાવનગર)
(૨) ભાવીક બાબુભાઈ લાડુમોર ઉવ.૧૮ વર્ષ ૧૦ મહીના રહે.રણુજાધામ સોસાયટી સીતાનગર ચોકડી પાસે વરાછા સુરત મુળ રહે-ગામ ભાદ્રોડ તા.મહુવા, જિ.ભાવનગર)
(3) મીત અશ્વીનભાઇ ખુંટ (ઉ.વ.૨૦, રહે., લક્ષ્મી પેલેસ, છીતુનગર સોસાયટી, સીતાનગર ચોકડી પાસે, વરાછા, સુરત, મુળ રહે., સાતપડા, તા.ગારીયાધાર, જિ.ભાંવનગર:

# ઉધના સ્ટેશન પરથી એક જ દિવસમાં 12000 યાત્રી રવાના



### હોળી માટે ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા અને મધ્યપ્રદેશના શ્રમિકોએ અત્યારથી જ વતનની વાટ પકડી રહ્યાં છે

સુરતઃ હોળી-ધૂળેટી ને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે સુરતમાંથી પરપ્રાંતીય શ્રમિકોમાં વતને જવાનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા અને મધ્યપ્રદેશના શ્રમિકોએ અત્યારથી જ વતનની વાટ પકડી છે. શનિવારે ઉધના રેલવે સ્ટેશન પર વહેલી સવારથી જ મુસાફરોનો ભારે ધસારો જોવા મળ્યો હતો, તેને પહોંચી વળવા પશ્ચિમ રેલવે દ્વારા ખાસ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો હતો. રવિવારે ઉધના સ્ટેશનના પ્લેટફોર્મ પર માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. રેલવે પ્રશાસન દ્વારા ભીડને કાબૂમાં લેવા માટે કડક કતાર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જનરલ ટિકિટ ધરાવતા મુસાફરોને શિસ્તબદ્ધ રીતે ટ્રેનમાં બેસાડવામાં આવ્યા હતા.માત્ર સવાર ના 6 કલાકના ગાળામાં જ અંદાજે 12,000 જેટલા મુસાફરો સુરતથી વિદાય થયા હતા. યુપી-બિહાર રૂટ પર ત્રણ અને ઓડિશા માટે એક એમ સતત ચાર ટ્રેનો દોડાવીને રેલ્વેએ મુસાફરોને મોટી રાહત આપી હતી.રેલ્વે તંત્ર દ્વારા ભીડને મેનેજ કરવા માટે માઇક્રો-પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. સવારના સમયે ભારે ભીડ રહ્યા બાદ 11:00 વાગ્યા પછી પ્લેટફોર્મ પર દબાણ ઓછું થયું હતું.

1) પ્રથમ ટ્રેનઃ સવારે 5:45 વાગ્યે પ્રથમ સ્પેશિયલ ટ્રેન 3,000 મુસાફરો સાથે રવાના થઈ હતી.

2) અમૃત ભારત એક્સપ્રેસઃ સવારે 7:10 વાગ્યે 19021 ઉધના-બ્રહ્મપુર અમૃત ભારત એક્સપ્રેસ ઓડિશા માટે રવાના થઈ, જેમાં અંદાજે 2,500 મુસાફરો સવાર હતા.

3) જયનગર અંત્યોદયઃ સૌથી વધુ ધસારો સવારે 8:35 વાગ્યે જોવા મળ્યો, જ્યારે 22564 જયનગર અંત્યોદય એક્સપ્રેસ 4,000 મુસાફરોને લઈને રવાના થઈ.

4) તાપ્તી ગંગાઃ સવારે 10:30 વાગ્યે તાપ્તી ગંગા એક્સપ્રેસમાં 3,000 મુસાફરો વતન જવા રવાના થયા.